# કન્યા કેળવણી મહોત્સવ : ૨૦૧૨ સમાપન

## તા.૨૮,૨૯,૩૦ જૂન દરમ્યાન શહેરી વિસ્તારમાં અભિયાન

રાજયભરમાં યોજાઇ રહેલા દશમા કન્યાકેળવણી અને શાળા પ્રવેશોત્સવનું સાર્વત્રિક અને સ્વયંસ્ફુરિત લોકભાગીદારી સાથે સમાપન થયું. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સંપન્ન થયેલા આ ત્રિદિવસીય અભિયાનને રાજયભરમાં જબરજસ્ત સફળતા પ્રાપ્ત થઇ છે.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સર્વ શિક્ષા અભિયાનની યાદીમાં જણાવ્યાનુસાર સાર્વત્રિક અને સ્વયંસ્ફુરિત લોકભાગીદારીને લીધે કન્યા કેળવણી મહોત્સવ સાચા અર્થમાં લોકોનો પોતાનો જ એક કાર્યક્રમ બની રહયો હતો. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની તથા શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા તથા રાજય મંત્રીશ્રી જયસિંહ ચૌહાણની સીધી દેખરેખ હેઠળ કન્યા કેળવણી મહોત્સવને ઝળહળતી સફળતા પ્રાપ્ત થઇ છે.

પ્રવશોત્સવના તૃતીય દિવસના અંતે પ્રાપ્ત આંકડા અનુસાર રાજયના તમામ જિલ્લાઓમાં કુલ ૭૭,૬૧૪ કન્યાઓ તથા ૮૧,૩૫૩ કુમારો સહિત ૫ વષસ્થી ઉપરની વયના કુલ ૧,૫૯,૯૬૭ બાળકોએ શાળા પ્રવેશ મેળવ્યો હતો. આમ, મહોત્સવના ત્રણ દિવસો દરમ્યાન કુલ ૨,૩૪,૩૦૨ કન્યાઓ તથા ૨,૪૫,૫૦૬ કુમારો સહિત ૫ વર્ષની વય જૂથના કુલ ૪,૭૯,૮૦૮ બાળકો એ શાળા પ્રવેશ મેળવ્યો હતો. કન્યાકેળવણી મહોત્સવમાં લોકભાગીદારીના પરિણામે સ્થાનિક વ્યકિતઓ, જૂથો કે સંસ્થાઓ દ્વારા અંદાજે કુલ રૂા.૪,૭૧,૮૩,૬૦૦ના દાન રોકડ અને વસ્તુ સ્વરૂપે શાળાઓને પ્રાપ્ત થયાં છે. આમ ત્રણેય દિવસ દરમિયાન કુલ રૂા. ૧૦,૫૩,૯૧,૪૬૬નાં મૂલ્યોનો લોકફાળો શાળાઓને પ્રાપ્ત થયો છે.

રાજ્ય મંત્રીમંડળના સભ્યો, વરિષ્ઠ સનદી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, આઇ.એફ.એસ. અધિકારીઓ તથા શિક્ષણ વિભાગના અને સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ આ ત્રણ દિવસ દરમિયાન દરરોજ પાંચ-પાંચ શાળાઓમાં કન્યા કેળવણી રથની આગેવાની કરીને પ્રવેશોત્સવમાં ભાગ લીધો હતો. ઉલ્લાસભર્યા વાતાવરણમાં બાળકોને બળદગાડાં, ટગાડીઓ, ટ્રેક્ટર, ટ્રક વગેરે જેવા વાહનોમાં શાળા સુધી ધોરણ-૧માં નામાંકન માટે વાજતે-ગાજતે લાવવામાં આવ્યા હતાં.

# 'સ્મરણ વિથીકા'ને તીર્થોદક તરીકે નવાજતા પ્રકાશ ન શાહ

ગાંધીનગર, તા. ૧૮

સ્વ. હરિશંકર પુરાણી સ્મૃતિ ટ્રસ્ટ આયોજિત જાણીતા સાહિત્યકાર-કવિ ભાનુપ્રસાદ પુરાણીના સ્મૃતિ લેખોના પુસ્તક સ્મરણ વિથીકાનું અવલોકન અને રસાસ્વાદ કાર્યક્રમ કડી સર્વ વિદ્યાલયના શ્રી બ્રહ્માણી હૉલમાં સંપન્ન થયો. વરિષ્ટ સાહિત્યકાર શ્રી વસંતલાલ પરમારનું ટ્રસ્ટ દ્વારા અભિવાદન પણ થયું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના નૃત્યથી કુ. ઋત્વા પુરાણીએ કરેલ હતી. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભાનુપ્રસાદ પુરાણીએ ટ્રસ્ટની સાહિત્યિક, સામાજિક, શિક્ષણ વિષયક પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું.

અધ્યક્ષશ્રી પ્રખર ચિંતક, વિચારક અને વરિષ્ટ પત્રકાર, નિરીક્ષકના તંત્રી પ્રકાશ ન શાહે દીપ પ્રાગટ્ય કર્યું હતું. સ્મરણ વિથીકાને તીર્થોદક તરીકે ઓળખ આપીને પ્રકાશ ન શાહે તેનું સન્માન કર્યું હતું. અનેક પ્રસંગોનું સ્મરણ કરીને લેખકને બિરદાવ્યા હતા. મહાગુજરાત આંદોલનની વાતને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સાથે સ્મરીને વાતને ઉજાગર કરી હતી.

મુખ્ય મહેમાનપદેથી લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ પુસ્તકમાંની ઘટનાઓનું હૃદયદ્રાવક વર્ણન કરી લેખકને ધન્યવાદ આપ્યા હતા.

વરિષ્ટ સાહિત્યકાર શ્રી દૉલત ભટ્ટે જાણીતા બાળલેખક અને આઠ દાયકાના ઉંમરે પહોંચેલા શ્રી વસંતલાલ પરમારને અભિવાદન પત્ર એનાયત કર્યું હતું. જેનું વાચન ફાલ્ગુનીબેન પુરાણીએ કર્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ સ્મૃતિચિન્હ આપીને તથા વરિષ્ટ પત્રકાર પ્રકાશ ન શાહે શ્રી વસંતભાઈનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

વરિષ્ટ બાળલેખક શ્રી વસંતભાઈ પરમારે પોતાની સાડા છ દાયકાની બાળ સાહિત્યના સર્જનની વાત કરીને ટ્રસ્ટનો આભાર માન્યો હતો. શ્રી મયુર પુરાણીએ આભાર દર્શન કર્યું હતું. સભાનું સંચાલન જયશ્રીબેન ખેતિયાએ કર્યું હતું.

## એમઇ-એમફાર્મના પ્રવેશ પરીક્ષા ફોર્મ ૨૫થી મળશે

અમદાવાદ, તા.૧૮

એડમિશનલ કમિટી પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા માસ્ટર ઓફ એન્જિનીયરીંગ (એમઇ) અને માસ્ટર ઓફ ફાર્મસી (એમફાર્મ)ની ૮૨૪૯ બેઠકો માટેના પ્રવેશ પરીક્ષાના ફોર્મ વિતરણની પ્રક્રિયા ૨૫મી જુનથી શરૂ થશે. જયારે તા.૭ અને ૮ જુલાઇએ પરીક્ષા લેવામાં આવશે.

એસીપીસી દ્વારા એમની ૩૭૪૯ બેઠકો અને એમફાર્મની ૪૫૦૦ બેઠકો માટેની પ્રવેશ પરીક્ષાના પોર્મ વિતરણની પ્રક્રિયા ૨૫મી જુને ૨૬૦૯ બેઠકો અને એમફાર્મમાં ૨૯૦૦ બેઠકો હતી. સમિતિ દ્વારા તા. ૭ અને ૮ જુલાઇના રોજ પ્રવેશ પરીક્ષા લેવાશે જેનું પરિણામ તા.૧૬મી જુલાઇ જાહેર થશે ત્યારબાદ તા.૨૦થી ૨૮ જુલાઇ દરમિયાન કાઉન્સીલીંગ હાથ ધરાશે અને તા.૩૦મી જુલાઇથી સત્રનો પ્રારંભ થશે.

### ઈજનેરી-ફાર્મસીની પ્રોવીઝનલ મેરીટ યાદી જાહેર

# કુલ ૫૮૧૮૨ વિદ્યાર્થીઓનો સમાવેશ

## ૫૯૫૪૦ વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટનુ વેરીફિકેશન પરંતુ ટેકનિકલ કારણથી ૧૩૯૮ પેન્ડીંગ

અમદાવાદ, તા.૧૮

ધો.૧૨ પછી ડિગ્રી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે તારીખ લંબાવ્યા બાદ આજે સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરીટ યાદી કરવામાં આવ્યું હતું મેરીટયાદીમાં કુલ ૫૮૧૮૨ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેરીટના પ્રથમ સ્થાન ૯૬.૧૬૬ ટકા સાથે સૌરભ નામના વિદ્યાર્થીએ મેળવ્યું છે. આવતીકાલથી મોક રાઉન્ડનો પ્રારંભ થશે. કુલ ૫૯૨૩૯ બેઠકો નવા મેરીટમાં કુલ ૧૫૨૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જો કે સમિતિ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જો કે સમિતિ સમક્ષ ૫૯૫૪૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. એડમિશન કમિટિ ફોર પ્રોફેશન કોર્સીસ (એસીપીસી) દ્વારા અગાઉ તા.૧૩મી જૂને મેરીટયાદી જાહેર કરાઇ હતી પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ રહી ગયા હોઇ સમગ્ર પ્રવેશ પ્રક્રિયા બે દિવસ લંબાઇ હતી ત્યારબાદ આજે નવુ મેરીટ જાહેર કરવામાં આવ્યું હતું. નવા મેરીટમાં કુલ ૧૫૨૯ વિદ્યાર્થી વધ્યા છે. નવા મેરીટ ક્રમાંક ખાસ કોઇ ફેરફાર થયો નથી. જાહેર થયેલા નવા મેરીટમાં ધો.૧૨ બોર્ડના ૫૭૭૩૭, સન્ટ્રલ બોર્ડ ૩૦૩૪ અને આઇએસી તથા આઇબીના ૪૧૧ મળી ૫૮૧૮૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જો કે સમિતિ સમક્ષ ૬૧૦૧૯નું રજિસ્ટ્રેશન થયુ છે અને ૫૯૫૪૦ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાયુ છે. હવે મેરીટમાં સમાવિષ્ટ અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન વચ્ચેના ૧૩૯૮ વિદ્યાર્થીઓને કારણ આ વિદ્યાર્થીઓનો હાલ મેરીટમાં સમાવેશ કરાયો નથી. કારણ કે આ વિદ્યાર્થીઓના ટેકનીકલ કારણસર અને થોડી વિસંગતતાને કારણે તેમનો સમાવેશ થયો નથી વિસંગતતા દૂર થયા બાદ તેમનો સમાવેશ થઈ જશે.

## ખડક ચઢાણ બેઝીક કોર્સ માટે અનુ જનજાતિના યુવક-યુવતીઓની અરજીઓ મંગાવાઇ

### તા.૧૬ જુલાઇ ૨૦૧૨ સુધીમાં અરજી કરવી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના યુવાનો શારિરીક અને માનસિક સક્ષમ બને તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. રાજયના અનુસૂચિત જન-જાતિના યુવક-યુવતોઓ માટે ૧૦ દિવસના ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્સનું યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા માઉન્ટ આબુ ખાતે યોજાનાર છે.

આગામી ઓગસ્ટ-૨૦૧૨માં યોજાનાર આ કોર્સમાં અનુસુચિત જન જાતિના યુવક-યુવતીઓ કે જેઓ તા. ૩૦/૦૬/૨૦૧૨ના રોજ ૧૪થી૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય અને ભાગ લેવા ઈચ્છતા હોય તેવા બાળકોએ પોતાની અરજી જિલ્લા રમતગમત અધિકારી, શિવશકિત બિલ્ડીંગ, જિલ્લાપંચાયત સામે, પાલનપુર, બિનાસકાંઠા-૩૮૫૦૦૧ને તા.૧૬/૭/૨૦૧૨સુધીમાં મોકલી આપવાની રહેશે.

વધુમાં તાલીમ લેવા ઈચ્છુક બાળકોએ અરજીમાં પુરૂનામ, સરનામું (ફોન નંબર સાથે જન્મતારીખ) શૈક્ષણિક લાયકાત, રમત ગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારીરિક તંદુરસ્તીનું તબીબી પ્રમાણપત્ર, અનુસુચિત જનજાતિનું પ્રમાણપત્ર, વાલીની સંમતિ અને તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે. પસંદગી સમિતિ દ્વારા આવેલ અરજીઓમાંથી યોગ્યતા ધરાવતા બાળકોની પસંદગી કરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર શહેરનાં છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ સુવિધા મેળવે છે

### ગાંધીનગર શાળા - કૉલેજોની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની સંખ્યા


| હોસ્ટેલ | ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| કડી સંકુલ, ગાંધીનગર (કન્યા) | ૫ થી અનુસ્નાતક | ૧૦૭૦ |
| કડી સંકુલ, ગાંધીનગર (કુમાર) | ૫ થી ૧૨ | ૧૨૦૦ |
| આદર્શ નિવાસી શાળા, સે.૧૨ (અનુસુચિત જાતિ - કન્યા) | ૮, ૯, ૧૦ | ૧૨૦ |
| આદર્શ નિવાસી શાળા, સે.૮ (અનુસૂચિત જાતિ - કુમાર) | ૯, ૧૦, ૧૧ | ૨૦૦ |
| જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (કન્યાઓ માટે) | ૫ થી ૧૨ | ૪૫૦ |
| શ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી મહિલા કોલેજ (કન્યાઓ) | સ્નાતક, અનુસ્નાતક | ૫૦૦ |
| એલ.ડી.આર.પી. કોલેજ (કુમાર) | સ્નાતક, અનુસ્નાતક | ૧૧૭૨ |
| નર્સિંગ કૉલેજ (સિવિલ) | સ્નાતક, અનુસ્નાતક | ૩૩૭ |
| ઈન્ફોસીટી જુનિયર સાયન્સ સ્કૂલ (ખાનગી હોસ્ટેલ-કુમાર-કન્યા) | ૧૧, ૧૨ | ૨૩૦ |
| એન્જિનિયરીંગ હોસ્ટેલ, સે.૧૩ (ખાનગી) | સ્નાતક, અનુસ્નાતક | ૧૦૦ |

ગાંધીનગર, તા.૧૮

શૈક્ષણિક હબ તરીકે ઓળખાતા ગાંધીનગર ગુજરાતના વિદ્યાર્થીઓનું આકર્ષણ વધી ગયું છે. ડે-સ્કૂલ, ગ્રાન્ટેડ, નોન - ગ્રાન્ટેડ શાળાઓ, નિરમા યુનિવર્સિટી, એલ.ડી.આર.પી. સંસ્થાઓના વ્યાપને પરિણામે ગુજરાતના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને ગાંધીનગરમાં જ ભણવાનો અભરખો છે. ગાંધીનગરમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા શાળા - કૉલેજોના ઉંચા પરિણામો, રહેવા - જમવાની ઉત્તમ સુવિધાઓ અને ટ્યૂશન ક્લાસ સહિતની સગવડોને આભારી છે. ગુજરાતભરમાં ગાંધીનગરનું શિક્ષણ વખણાય છે. જેનો શ્રેય શાળા - કૉલેજો દ્વારા જાહેરખબરોથી થતાં સંપર્કને જાય છે. ગાંધીનગરમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. શાળા કેમ્પસની હોસ્ટેલમાં મર્યાદિત સંખ્યાને લીધે કેટલાક વિદ્યાર્થીઓ ખાનગી હૉસ્ટેલ કે ભાડાના મકાનોમાં રહે છે. ગ્રાન્ટેડ શાળા - કૉલેજોની હોસ્ટેલ્સની વાર્ષિક ફી એક વિદ્યાર્થી દીઠ ૧૧ હજારથી ૧૭ હજાર સુધીની છે. જ્યારે ખાનગી હૉસ્ટેલ્સની ફી રૂ. ૩૫ હજારથી ૫૦ હજાર સુધીની છે. ગ્રાન્ટેડ શાળા - કૉલેજોની ફી ઓછી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા મધ્યમવર્ગીય વિદ્યાર્થીઓની સંખ્યા ગ્રાન્ટેડ શાળામાં વધુ છે. ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૧૩, ૬ અને ૮ની આદર્શ નિવાસી શાળાઓમાં મફત શિક્ષણ અને હોસ્ટેલની સુવિધાઓ આપવામાં આવે છે. જેમાં નાના, મધ્યમવર્ગીય અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે. ગ્રાન્ટેડ શાળા - કૉલેજોની હોસ્ટેલ્સમાં જમવા - રહેવાનું, ચુસ્ત નિયમો અને ઘર જેવું વાત્સલ્યભર્યા મહાલોના પરિણામે મધ્યવર્ગીય વિદ્યાર્થીઓનું આકર્ષણ ગાંધીનગરની ગ્રાન્ટેડ શાળા - કૉલેજો તરફ વધ્યું છે. ગાંધીનગરમાં ગુજરાતના અલગ - અલગ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ વધવા લાગી છે. ગ્રાન્ટ શાળા - કૉલેજોના હોસ્ટેલમાં પ્રવેશ લેનાર મટોભાગના વિદ્યાર્થીઓ દૂરના વિસ્તારના છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ભરૂચ, પંચમહાલ, દાહોદ, વડોદરા, વલસાડ, કચ્છથી લઈને સૌરાષ્ટ્ર સહિત્ના વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ આવે છે. ગાંધીનગરમાં દિવસે ને દિવસે બહારના વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાનું કારણ શાળા - કૉલેજો દ્વારા જાહેરખબરોથી કરવામાં આવતો મજબૂત જનસંપર્ક છે. તમામ શાળા - કૉલેજો દ્વારા પોતાની સંસ્થાના હોર્ડિંગ્સ, ચોપાનિયા જેની માધ્યમો દ્વારા ગુજરાતના તમામ પ્રદેશોમાં પ્રચાર - પ્રસાર કરવામાં આવે છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ જાહેરખબરના માધ્યમ દ્વારા મજબૂત પ્રચાર - પ્રસાર કરી રહ્યા છે જેને પરિણામે ગુજરાતના તમામ વિસ્તારના વિદ્યાર્થીઓની ગાંધીનગરમાં આવવાની ઘેલછા વધી છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ



॥ અગ્યારમો મણકો ॥

સ્વામીજીની અમેરિકન શિષ્યા કુમારી મેકલાઉડે એક દિવ સ્વામીજીને પૂછ્યું, 'સ્વામીજી, હું આપની શું સેવા કરી શકું ?' સ્વામીજીએ જવાબમાં કહ્યું, 'ભારતને પ્રેમ કરો.'

આમ સ્વામીજી મૂર્તિમંત ભારત બની ગયા હતા. ભારતવાસી હોવું એ કેટલું મહાન છે તેની વાત કરતાં પોતાના એક પ્રવચનમાં તેઓ કહે છે, 'હે ભારતવાસી, તું ગૌરવપૂર્વક ઉચ્ચ સ્વરે ઘોષણા કર કે પ્રત્યેક ભારતવાસી મારો ભાઈ છે. ભારતવાસી મારું જીવન છે. ભારતના દેવદેવીઓ મારા ઈશ્વર છે. ભારતનો સમાજ મારી બાલ્યાવસ્થાનું પારણું છે, મારા યૌવનનું આનંદવન છે. મારી વૃધ્ધાવસ્થાની કાશી છે. હે ભાઈ, પોકારી ઊઠ કે ભારતની ધરતી એ મારું સર્વોચ્ચ સ્વર્ગ છે. ભારતનું કલ્યાણ એ મારું કલ્યાણ છે અને અહોરાત્ર પ્રાર્થના કર કે હે ગૌરીપતે! હે જગજનની અંબા ! તું મને મનુષ્યત્વ આપ. હે સામર્થ્યદાયિની માતા! મારી નિર્બળતાનો નાશ કર, મારી કાયરતાને દૂર હટાવ! મા મને માનવ બનાવ !' સ્વામીજીની દેશભક્તિભરી વાણીથી સમગ્ર ભારત જાગી ઊઠ્યું.

સન ૧૮૯૮-૯૯માં સ્વામીજીને દમનો રોગ થયો. ડૉક્ટરોએ સ્વામીજીને સાવચેત રહેવા સલાહ આપી. આમ છતાં સ્વામીજીએ સંસારના ત્રિતાપથી તપ્ત મનુષ્યોની સેવા કરવાનું ચાલુ જ રાખ્યું.

સ્વામીજીના યુરોપિયન શિષ્યો સેવિયર દંપતિએ ખૂબ શ્રમપૂર્વક હિમાલયમાં એક સ્થળ પસંદ કર્યું. અલમોડાથી ૮૦ કિમી દૂર ગાઢ જંગલોમાં ૬૩૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા માયાવતી નામના એક સુંદર સ્થળે આશ્રમની સ્થાપના કરી. આ સ્થળ સ્વામીજીની ઈચ્છા મુજબનું હતું. સ્વામીજીએ આ નવા આશ્રમને આશીર્વાદ પાઠવ્યા.

અમેરિકન તેમજ યુરોપિયન શિષ્યો અને મિત્રોના આગ્રહો અને આમંત્રણોનો સ્વીકાર કરીને સ્વામીજી અમેરિકા અને યુરોપની બીજી મુલાકાત માટે તૈયારી કરવા લાગ્યા. સ્વામીજીના સ્વાસ્થ્ય સુધાર માટે સૌને તેમની જરૂર જણાતી હતી. ૨૦મી જૂન, ૧૮૯૯એ સ્વામીજી પશ્ચિમની બીજીવારની યાત્રાએ નીકળ્યા. સ્વામીજીની સાથે ભગિની નિવેદિતા અને સ્વામી તુરીયાનંદ પણ જોડાયા. તા. ૯મી ડિસેમ્બર, ૧૯૦૦ના રોજ આ યાત્રા બેલૂર મઠ ખાતે પૂર્ણ થઈ.

સ્વામીજી બેલૂર મઠમાં શાંતિનું જીવન જીવવા લાગ્યા. ત્યાં તેઓ મેદાનમાં ફરતા, રસોઈ થતી તેનું પર્યવેક્ષણ કરતા, ભજનો ગાતા. સ્વામીજી સારા અને ઉચ્ચ કોટિના શાસ્ત્રીય ગાયક અને વાદક હતા. જિજ્ઞાસુઓને ઉપદેશ આપતા. બેલૂર મઠનું ટ્રસ્ટ ડીડ બનાવ્યું અને બધી સંપત્તિ મઠના ટ્રસ્ટીઓને સોંપી દીધી. ૧૯૦૨માં સ્વામીજીએ સંથાલી આદિવાસીઓને જમાડીને દરિદ્રનારાયણની સેવા દ્વારા પ્રભુપૂજા કરી. પોતાના અંતિમ દિવસોમાં મહામાનવ સ્વામી વિવેકાનંદ ખરેખર એક બાળક જેવા બની ગયા હતા. હવે સ્વામીજી આરામ લેવાનું જ ઈચ્છતા હતા. મઠમાં પોતે પાળેલાં પશુપક્ષીઓને રમાડવાનું એમને ખૂબ ગમતું. બાઘા નામન કૂતરો, હંસી નામની બકરી, મટરું નામનું બકરીનું બચ્ચું, એક હરણ, થોડાં બતકો અને સારસો - આ બધાને રમાડવામાં તેઓ આનંદ અનુભવતા. તેઓ નાના હતા ત્યારે દક્ષિણેશ્વરમાં ગંગા કિનારે પંચવટી નીચે બેસીને પોતાના ગુરુશ્રી રામકૃષ્ણ પરમહંસ સાથે કેટકેટલી વાતો કરતા એ બધું યાદ આવવા લાગ્યું.

યુગાચાર્ય સ્વામી વિવેકાનંદે મહાપ્રયાણ પૂર્ણ યૌવનમાં જ કરવાના સંકેતો સન ૧૮૯૭થી જ આપી દીધા હતા. ૨૮મી માર્ચ, ૧૯૦૨ના રોજ સ્વામીજીએ ભગિની નિવેદીતાને કહ્યું હતું, 'હું ક્યારેય ચાળીસ પૂરા નહીં કરું.' મહાપ્રયાણના બે દિવસ પહેલાં તેમણે કહ્યું, 'આ બેલૂર મઠમાં જે આધ્યાત્મિક શક્તિ પ્રગટ થઈ છે તે દોઢ હજાર વર્ષો સુધી રહેશે. આ એક મહાન વિશ્વવિદ્યાલયનું રૂપ લેશે. એવું ન વિચારતા કે આ મારી કલ્પના છે, હું એ પ્રત્યક્ષ જોઈ રહ્યો છું.'

૪ જુલાઈ, ૧૯૦૨. સ્વામીજીના મહાપ્રયાણનો દિવસ. તે દિવસે સ્વામીજી બીજા દિવસો કરતાં એક-દોઢ કલાક વહેલા સંસ્કૃતનો વર્ગ લેવા ગયા. બ્રહ્મચારીઓને ત્રણ કલાક સુધી સંસ્કૃત વ્યાકરણ શીખવ્યું. નિરસ વ્યાકરણને હાસ્યના હિલોળામાં ફેરવી નાખ્યું. એના પરિણામે વ્યાકરણ શાસ્ત્રના સિધ્ધાંતો બ્રહ્મચારીઓના માનસમાં સદાને માટે અંકિત થઈ ગયા. સાંજે સ્વામીજી તેમના ગુરુભાઈ સ્વામી પ્રેમાનંદ સાથે બેલૂર બજાર સુધી ફરવા ગયા, ભાવિ યોજનાઓ વિશે ઘણી ચર્ચાઓ કરી. સંધ્યા આરતીના સમયે સ્વામીજી પોતાના ઓરડામાં ગંગાભિમુખ થઈને ધ્યાનમાં બેઠા, જપમાળા હાથમાં લીધી અને સેવકને બહાર બેસી ધ્યાન કરવા કહ્યં. એક કલાક પછી બ્રહ્મચારી સેવકને બોલાવ્યો અને પંખો નાખવા કહ્યું. એક કલાક પછી તેઓ જમણે પડખે સૂતા. નાના બાળકના ક્રન્દન જેવો અવાજ તેઓના મુખેથી નીકળ્યો. એમનો જમણો હાથ જરા કંપ્યો અને એ સાથે જ એક ઊંડો શ્વાસ નીકળ્યો અને મસ્તક ઓશીકા પરથી નમી પડ્યું. થોડી વાર પછી સ્વામીજીએ બીજો ઊંડો શ્વાસ લીધો અને છોડ્યો. એ સાથે સ્વામીજીએ મહાસમાધિમાં પ્રવેશ કર્યો. બંને આંખો ભ્રૂકુટિની મધ્યમાં સ્થિર થઈ ગઈ. એ વખતે રાત્રિના નવ વાગીને દસ મિનિટ થઈ હતી. સ્વામીજીના મુખમંડળ પર દિવ્ય આભા છવાઈ ગઈ. (અપૂર્ણ)

# આને અંત ન સમજતા, આ શરૂઆત છે

## ગંભીર વિષયની વાત લેખકોએ હળવાશથી કરી : દોઢ કલાક મુક્તતાથી હસેલા પ્રેક્ષકો છેલ્લા દ્રશ્યમાં રડી પડ્યા : નિમેષ દેસાઈનું અનુભવી દિગ્દર્શન ઝળક્યું

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા, ગાંધીનગર દ્વારા સમાજ સેવા અને ડાયરા તથા સંગીતના કાર્યક્રમોના ક્રમ વચ્ચે રવિવારે એક નવા જ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે રાત્રે ટાઉન હૉલ ખાતે સામાજિક કૉમેડી નાટક 'પપ્પાનાં પ્રેમ લગ્ન' ભજવાયું હતું, જેને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના સભ્ય પરિવારોએ મન ભરીને માણ્યું હતું. દોઢ કલાક જેટલો સમય પ્રેક્ષકોને હસાવ્યા પછી પરાકાષ્ટાના દ્રશ્યમાં પ્રેક્ષકોની આંખો આ નાટકે ભીની કરી નાખી હતી.

નિલેષ રૂપાપરા અને અસ્લમ પરવેઝ (મુંબઈ) લિખિત નાટકમાં સંવાદો સાવ સરળ અને સીધાસાદા જ હતા. પરંતુ, નાટકમાં પરિસ્થિતિ જન્ય હાસ્યથી લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. કોરસ ગૃપના



તસવીર : દિપક જાની

### ઉઘડતે પડદે

- કુંતલ નિમાવત

સર્જક અને સંચાલક નિમેષ દેસાઈનું અનુભવી દિગ્દર્શન ઊડીને આંખે વળગતું હતું. એમના દિગ્દર્શનની કમાલ કૉમેડી દ્રશ્યોમાં પણ અછતી રહેતી ન હતી. પરંતુ, નિમેષભાઈ જેવા મોટા ગજાના દિગ્દર્શકને બધા જ કલાકારો શ્રેષ્ઠ ન મળ્યા એમ કહી શકાય. સુનીલ વાઘેલા, દીપેન રાવલ અને જાગૃતિ ઠાકોરને બાદ કરતાં પૂજા સોની, ઉષા ભાટિયા, યશ સોની અને અન્ય કલાકારોએ જાણે પોતાની ફરજ નિભાવી હોય એમ લાગ્યું. અલબત્ત, આ મુખ્ય ત્રણ કલાકારો એટલા લાઈવ હતા કે એમના જોરે નાટક ચાલતું રહ્યું.

સંજોગોવશાત્ નાટકનું મુખ્ય મહિલા પાત્ર જામનગરની મહિલા બતાવવામાં આવી હતી અને નાટક જોનારો વર્ગ પણ સૌરાષ્ટ્ર-કચ્છનો હતો. એટલે કાઠિયાવાડી લહેકાથી માંડીને ગાળો સુધીને ભારે પ્રતિસાદ મળ્યો હતો. જ્યાં સૌરાષ્ટ્ર મહિલાના મોઢામાંથી કાઠિયાવાડી સરસ્વતી નીકળે કે તરત જ પ્રેક્ષકો તાળીઓથી હોલને ગજવી મૂકતા હતા.

પિતાની લાડકવાયી દીકરી એકલવાયા પિતાને પરણાવવા મેદાને પડે છે એવી વાર્તા નાટકમાં હતી. પિતાએ ભૂતકાળમાં જે ગામઠી મહિલાની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો તે જ મહિલાને ઘરમાં લાવીને પુત્રી પિતાની સામે પડકાર ફેંકે છે કે આ મહિલા સાથે તે પિતાને પરણાવીને રહેશે. એક પ્રસંગે પિતા મક્કમપણે પરણવાનો ઈનકાર કરતાં પુત્રી એમ પણ કહી દે છે કે, 'તમે એમને પત્ની બનાવો કે ના બનાવો, હું એમને મારી મમ્મી બનાવીને જ રહીશ.'

એક ગંભીર લાગતી વાત પણ લેખકોએ ઘણી હળવાશથી કહી નાખી અને પ્રેક્ષકોએ એ માણી પણ ખરી એ વાત સ્વીકારવી પડે.



સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની પરંપરા મુજબ નાટક માણવા માટે આવેલા પ્રેક્ષકોથી હૉલ ખચાખચ ભરાઈ ગયો હતો. એટલે સુધી કે ઘણા પ્રેક્ષકોએ પ્રથમ અંક તો ઊભા ઊભા કે પછી પગથિયાં પર બેસીને જ જોયો હતો. ઈન્ટરવલમાં નાનાં બાળકોવાળા પરિવારોએ થોડી બેઠકો ખાલી કરતાં બાકીના પ્રેક્ષકોને જગ્યા મળી હતી. તેમ છતાં બેઠકો તો છેક સુધી ભરેલી જ રહી હતી. આખું નાટક માણ્યા પછી જ પ્રેક્ષકોએ વિદાય લીધી હતી.

નાટકના પ્રથમ અંકમાં ખચોખચ ભરેલા હૉલમાં કેટલાક અસંસ્કારી પ્રેક્ષકો એવા પણ આવ્યા હતા કે જેમણે ફેડ આઉટ વખતે કે પછી જ્યાં તાળીઓ દ્વારા દાદ આપવાની હોય ત્યાં સિટીઓથી પ્રેક્ષકોને ડિસ્ટર્બ કર્યા હતા અને કેટલાક તોફાની તત્ત્વોએ ફેડ આઉટ દરમ્યાન સ્ટેજ ઉપર મોબાઈલ ફોન દ્વારા લાઈટ્સ ફેંકીને કલાકારોને પરેશાન કરવાનો હિન પ્રયત્ન પણ કર્યો હતો.

જોકે, પ્રથમ અંક પછી આવાં તત્ત્વોએ હૉલ છોડી દીધો હોય એવું લાગ્યું હતું. કારણ કે બીજો અંક સહુ પ્રેક્ષકોએ શાંતિપૂર્વક માણ્યો હતો અને છેલ્લે કલાકારોને સંપૂર્ણ સન્માન આપીને જ વિદાય કર્યા હતા.